પાલનપુરમાં વધુ બે ફલાય ઓવરબ્રીજ બનાવવા માટે સાધારણ સભામાં દરખાસ્ત કરાઈ

ગુરૂનાનક ચોકથી ગલબાભાઇ પટેલના પુતળા સુધીનો ઓવરબ્રીજને સરકારે મંજુરી આપી

પાલનપુર

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા શુક્રવારે સભાગૃહમાં યોજાઈ હતી. જેમાં એજન્ડાના એક થી દસ મુ?દા અંગે વિરોધપક્ષે સભાની શરૂઆતમાં જ વિરોધ દર્શાવતાં તેની ચર્ચા કરવામાં આવી ન હતી. જ્યાં પ્રમુખ સ્થાનેથી શહેરમાં વધુ બે ફલાઈ ઓવર બ્રીજ બનાવવા માટે સરકાર તરફે દરખાસ્ત મોકલવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો. જ્યારે અગાઉના ફલાઈ ઓવર બ્રીજને સરકારે મંજુરી આપી હોવાનું જણાવાયું હતુ.

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા શુક્રવારે પાલિકાના સભાખંડમાં યોજાઈ હતી. વંદે માતરમના ગાન સાથે શરૂ થયેલી સભામાં ભાજપ- કોંગ્રેસ દ્વારા વ્હીપ વાંચી સંભળાવવામાં આવ્યો હતો. જે બાદ પ્રમુખ અશોકભાઈ ઠાકોર દ્વારા એજન્ડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે, વિરોધપક્ષ કોંગ્રેસના સદસ્યોએ એકથી દસ નંબરના તમામ એજન્ડામાં પોતાનો વિરોધ દર્શાવતાં એજન્ડાઓની ચર્ચા કરવામાં આવી ન હતી. સભાના અંતમાં પ્રમુખ સ્થાનેથી શહેરમાં વધુ બે ફલાય ઓવર બ્રીજ માટે સરકારમાં દરખાસ્ત કરવા માટે તેમજ અગાઉ ગુરૂનાનક ચોકથી ગલબાભાઈ પટેલના પુતળા સુધીનો ફલાય ઓવરબ્રીજ મંજુર થયો હોવાનું જણાવાયું હતુ.

કયા સ્થળે ફલાય ઓવરબ્રીજ બનશે ?

પાલનપુરમાં અગાઉ ગુરૂનાનક ચોકથી ગઠામણ દરવાજાથી ગલબાભાઈના પુતળા સુધીનો ફલાય ઓવર મંજુર થઇ ગયો છે. દરમિયાન શુક્રવારની સાધારણ સભામાં આકેસણ રેલવે ફાટક અને બેચરપુરા રેલવે ફાટક ઉપર નવા બે ફ્લાય ઓવર બ્રીજ બનાવવા માટે દરખાસ્ત મોકલવામાં આવી હતી. જેથી જ્યારે આ બ્રીજ બનશે ત્યારે શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી થશે.

કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા સભ્ય સામે પડ્યા

સાધારણ સભામાં પ્રમુખ અશોકભાઈ ઠાકોરે એજન્ડા નંબર એક રજુ કર્યો ત્યારે અગાઉ કોંગ્રેસમાંથી ચૂંટાયેલા અને પક્ષ બદલીને ભાજપમાં જોડાયેલા અમૃતભાઈ જોષીએ ગત સાધારણ સભામાં થયેલા ત્રણ ઠરાવો અંગે ચર્ચા કરવાની માંગણી સાથે પ્રમુખની સામે પડ્યા હતા. જોકે, તેમની એકપણ વાત સાંભળવામાં આવી ન હતી. અને સાધારણ સભા પુરી કરેલી જાહેર કરવામાં આવી હતી. આ અંગે પ્રમુખે જણાવ્યું હતુ કે, વિરોધ પક્ષને અમે સાંભળ્યો હતો. પક્ષના સદસ્યને સાંભળવાની કોઇ જરૂર નથી.

સી.એ. એ. બીલનો કોંગ્રેસે વિરોધ કર્યો

નગરપાલિકાની સાધારણ સભાની શરૂઆતમાં કેન્દ્ર સરકારના સીએએ બીલને ભાજપની બોડીએ સમર્થન આપી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમીત શાહને અભિનંદન આપતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જોકે, કોંગ્રેસના સદસ્યોએ આ બીલનો વિરોધ કર્યો હતો.

ચાઈનાથી હેમખેમ પાલનપુર આવેલી દીકરીને નિહાળી પરિવારજનો ભાવ વિભોર બન્યા

ચાઇનામાં યુનિવર્સિટીમાં એક માસનું વેકેશન

ચાઈનામાં કોરોના વાયરસના કહેરને લઈને ભારતના વિદ્યાર્થીઓ વતન ભણી પરત ફરી રહ્યા છે. ત્યારે બનાસકાંઠાના પાલનપુરની વિદ્યાર્થીની શુક્રવારે હેમખેમ પાલનપુર પહોંચી હતી.

સમગ્ર પરિવાર વિદ્યાર્થીનીને જોઈને ભાવવિભોર થયો હતો.ચાઇના થી નીકળેલી આ વિદ્યાર્થીનીના આરોગ્યની તપાસ કરાયા બાદ તેણીને ઘરે જવાની મંજૂરી આપવામાં આવી હતી.

ચાઈનામાં ભારતના અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે છે. જોકે, કોરોના વાઈરસના કહેરથી યુનિવર્સિટીમાં એક માસનું વેકેશન રાખી દેવાયું છે. આવી સ્થિતિમાં ભારતના વિદ્યાર્થીઓ વતન ભણી પરત ફરી રહ્યા છે. ત્યારે પાલનપુરની સુરભી શ્રીમાળી નામની વિદ્યાર્થીની ગઈકાલે ચાઈનાથી હોંગકોંક આવી હતી. અને ત્યાંથી ગત રાત્રે બોમ્બે એરપોર્ટ પર ઉતર્યા બાદ તેનું તમામ પ્રકારની મેડિકલ ચેકીંગ થયું હતું અને ત્યારબાદ તે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચી હતી અને ત્યારબાદ પાલનપુર પોતાના વતન ખાતે આવી પહોંચી હતી. અત્યારે તો આ વિદ્યાર્થી નીને કોઈપણ પ્રકારનો વાયરસ નથી. પરંતુ બનાસકાંઠા આરોગ્ય વિભાગ પણ આ વિદ્યાર્થીની દરકાર રાખી રહ્યો છે. અને આ વિદ્યાર્થીની પણ આરોગ્ય વિભાગની નિગરાની હેઠળ રહેશે.

બનાસકાંઠામાં ૨૫ બાળ સખા તબીબોના રાજીનામાથી ખળભળાટ

જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા તબીબોને નોટિસ અપાઈ

પાલનપુર

બનાસકાંઠાના ૨૫ બાળ સખા તબીબોએ શુક્રવારે પોતાની ફરજ ઉપરથી રાજીનામા આપી દીધા હતા. સરકાર દ્વારા નક્કી કરાયેલા નાણાં ચુકવવામાં આવતા ન હોવાથી તેમણે સામુહિક રાજીનામા આપ્યા હોવાનું જણાવી રહ્યા છે. બીજી તરફ જિલ્લા આરોગ્ય અધિકારીએ તબીબોને નોટિસ આપી છે.

બનાસકાંઠા જિલ્લાના જ નહીં પરંતુ રાજ્યભરમાં બાળ સખા યોજના સાથે જોડાયેલા બાળરોગ નિષ્ણાંતોએ શુક્રવારે રાજીનામા આપી દેતા નવજાત બાળકોની સારવાર લઈને સવાલ ઉભા થયા છે. ઓછા વજનવાળા નવજાત બાળકોને ખાનગી હોસ્પિટલમાં સારવાર મળી રહે અને બાળ મૃત્યુ દર ઘટે તે માટે સરકારે બાળ સખા યોજના અંતર્ગત ખાનગી ડોક્ટરો સાથે કરાર કર્યા હતા. પરંતુ છેલ્લા નવ માસથી વળતર ન મળતા બાળ રોગ નિષ્ણાંત ડૉક્ટરો એ રાજીનામાં આપ્યા છે.

આ અંગે ડૉ. હિરેન પટેલ (પ્રમુખ, ગુજરાત પીડિયાટ્રિક એસોસિએશન)એ જણાવ્યું હતું કે, રાજ્યમાં બાળ મૃત્યુ દર ઘટે તે માટે સરકારે બાળ સખા યોજના ની શરૂઆત કરી હતી. આ યોજના અંતર્ગત જે નવજાત બાળક દોઢ કિલો થી ઓછા વજનવાળું હોય તેને તમામ સારવાર ખાનગી હોસ્પિટલમાં પણ મફત અપાશે. તેમજ તેના નાણાં સરકાર ચૂકવશે. આ યોજના અંતર્ગત એક બાળકની સારવાર પેટે ડોક્ટર ને ૪૯૦૦૦ હજાર નું બિલ મળતું હતું. આ યોજનાના કારણે ગરીબ લોકોના નવજાત બાળકો મોતના મુખમાંથી બચી સાજા થયા છે. પરંતુ છેલ્લા નવ માસથી બાળ સખા યોજના અંતર્ગત જોડાયેલા ડોક્ટરોએ અનેક બાળકોને સારવાર આપી હોવા છતાં તેનું ચુકવણી થઈ નથી. જેના કારણે આજે રાજ્ય તેમજ બનાસકાંઠા જિલ્લામાંથી આ યોજનામાં જોડાયેલા ૨૫ડોક્ટર તેમજ રાજ્યના બીજા અનેક ડોક્ટરોએ આ યોજનામાં થી સામૂહિક રાજીનામા આપ્યા છે.

મોડાસા ભાવસાર યુવક મંડળની સાધારણ સભા ૨૬મી જાન્યુઆરીના રોજ વિનોદભાઈ ભાવસાર (હોટલ પૂર્ણિમા)ના મુખ્ય મહેમાનપદે જેસી હોલમાં યોજાઈ ગઇ. સાધારણ સભામાં અતિથિ વિશેષ પદે પ્રકાશભાઈ ભાવસાર(પ્રકાશ પ્રિન્ટીંગપ્રેસ) કુલદીપ ભાવસાર(ગાંધીનગર) તથા વિશેષ ઉપસ્થિતિ ડોક્ટર મહેશભાઈ ભાવસાર(ઠાસરા) ઉપસ્થિત રહેલ હતા. ભાવસાર યુવક મંડળ દ્વાર સ્પોર્ટ્સ ડે તથા દેશભક્તિના ગીતોનો રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો. વિજેતાઓને ઈનામ વિતરણ કર્યા હતા. ભાવસાર યુવકમંડળના પ્રમુખ મેહુલભાઈ ભાવસાર, જેકી ભાવસાર, મિનેશ ભાવસાર તથા જતીનઆઈ ભાવસાર તેમજ કારોબારી સભ્યો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જુના ડીસાની દબાણ હટાવ ઝુંબેશ મોકૂફ

ડીસા તાલુકાના જુનાડીસા ગામની સરકારી જમીન ઉપરના કાચા - પાકા દબાણો દૂર કરવા તંત્ર દ્વારા હાથ ધરાયેલ દબાણ હટાવો ઝુંબેશ દરમ્યાન કાચા- પાકા ૪૦ જેટલાં દબાણ તોડી પડાયા બાદ ગામના જ ૫૦ જેટલાં અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ અરજી દાખલ કરતાં હાઈકોર્ટે આગામી ૧૧ મી ફેબ્રુઆરી સુધી પરિસ્થિતિ જૈસે થે રાખવાનો આદેશ કરતાં દબાણદારોએ રાહતનો શ્વાસ લીધો છે.

ડીસા-પાટણ હાઈવે પરના જુનાડીસા ગામના હાઈવે ઉપર જ આવેલ સર્વે નંબર ૧૧૫૩ ની સરકારી જમીન પર કેટલાંક લોકો દ્વારા ગેરકાયદેસર દબાણ કરી કાચા અને પાકા બાંધકામ પણ કરવામાં આવ્યાં હતાં. જે દબાણ અંગે ગામલોકોની ઉચ્ચ સ્તરે રજૂઆતો અને ગામના જ કલ્પેશભાઈ સુથારે દબાણ દુર કરાવવા ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતાં. જેથી હાઈકોર્ટના આદેશથી જીલ્લા

કલેકટર દ્વારા ડીસાના નાયબ કલેકટર અને મામલતદારની સીધી દેખરેખ હેઠળ તાત્કાલીક દબાણ હટાવવાનો આદેશ કરવામા આવતાં જુનાડીસા ખાતે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી હતી. ત્રણ દિવસ સુધી ચાલેલી આ ઝુંબેશમાં ૪૦ દુકાનો અને ૫ જેટલાં રહેણાંક મકાનો તોડી પાડવામાં આવ્યા હતા.જેને લઈ ઉહાપોહ મચી ગયો હતો.

જો કે, જુનાડીસા ખાતે ચાલી રહેલી દબાણ હટાવ ઝુંબેશ અટકાવવા માટે શાંતાબેન હિરાભાઈ બારોટ સહિત ૫૦ અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ અરજી નં. ૨૫૮૫/૨૦૨૦ દાખલ કરાવી હતી. આથી હાઈકોર્ટે આગામી તા. ૧૧ મી ફેબ્રુઆરી સુધી દબાણની કામગીરી બંધ રાખવાનો આદેશ કરતાં દબાણદારોએ રાહતનો શ્વાસ લીધો છે.પરંતુ દબાણને લઈ છવાયેલ ઉત્તેજનાનો માહોલ અકબંધ જળવાઈ રહ્યો છે તેથી 'હવે શું થશે ?' ને લઈ અવનવા તર્ક વિતર્કો વહેતા થવા લાગ્યા છે.

દેર આયે દુરસ્ત આયે આખરે એલઆરડી મુદ્દે સરકારનો પરિપત્ર રદ કરવા અલ્પેશની ઠાકોર સેનાનું સમર્થન

એલઆરડી પરીક્ષા ભરતી વિવાદમાં હવે ભાજપ નેતા અલ્પેશ ઠાકોરની ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના અને ઓબીસી-એસસી-એસટી એકતા મંચે ઝંપલાવ્યું છે. એલઆરડી પરીક્ષા ભરતી વિવાદમાં હવે ભાજપ નેતા અલ્પેશ ઠાકોરની ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના અને ઓબીસી-એસસી-એસટી એકતા મંચના નેજા હેઠળ ઉત્તર ગુજરાતના તમામ જિલ્લા અને તાલુકાકક્ષાએ ઠાકોર સેનાએ સરકારના પ્રતિનિધિઓને ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ- જીએડીએ ૧લી ઓગસ્ટ ૨૦૧૮ના ઠરાવને રદ કરવાની માંગ કરી હતી.

ઓબીસી, એસસી, એસટી એકતા મંચ અને અરવલ્લી ક્ષત્રિય ઠાકોર સેનાના સંજયસિંહ ઠાકોર અને તેમની ટીમે અરવલ્લી જીલ્લામાં કલેક્ટરને આવેદનપત્ર આપીને રાજય સરકારના ૨૦૧૮ના પરિપત્રને રદ કરવા માંગ કરી છે.

ક્ષત્રિય ઠાકોર સેનાના અને ઓબીસી, એસસી, એસટી એકતા મંચના હોદ્દેદારોએ સરકાર પર આક્ષેપ કર્યો હતો કે રાજયમાં આજે પણ ઓ.બી.સી., એસ.સી., એસ.ટી. વર્ગના શિક્ષિત યુવાનોને સરકારી નોકરીથી વંચિત રાખવામાં આવે છે. આજ કારણે હવે ઓ.બી.સી., એસ.સી., એસ.ટી. એકતા મંચ દ્વારા આજથી ચળવળના મંડાણ શરૂ કર્યા છે. ગરીબ અને પછાત વર્ગના હક અને અધિકાર માટે આ ચળવળ શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ક્ષત્રિય ઠાકોર સેનાના સુપ્રીમો અલ્પેશ ઠાકોર અને ઓ.બી.સી., એસ.સી., એસ.ટી. એકતા મંચના હોદ્દેદારોએ ધારાસભ્યો તથા સાંસદ સભ્યો પાસેથી અનામત મુદ્દે આપ સમર્થન આપો છો કે કેમ ? તે અંગે લેખિતમાં જવાબ માંગવામાં આવશે. જે ધારાસભ્ય તથા સાંસદ સભ્ય આ અમાનત મુદ્દે વિરોધ કરશે તો નિવાસ સ્થાને વિરોધ કરવામાં આવશે. ઉપરાંત તેમના નિવાસ સ્થાનનો ઘેરાવ કરવામાં આવશે.

ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ શરૂ થતાં વૈશ્વિક વેપાર-કારોબારને ગુજરાતમાં નવું બળ મળશે : વિજય રૂપાણી

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની સરકારના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે રજુ કરેલા બજેટને જન-જનનું, હરેક વર્ગ, હરેક સમાજને આવરી લેતું જનહિતાય બજેટ ગણાવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ બજેટને આવકારતાં કહ્યું કે, ગુજરાતને આ બજેટમાં જાહેર થયેલી નવી યોજનાઓથી ખૂબ લાભ મળવાનો છે. ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ શરૂ કરવાની જાહેરાતથી વિશ્વભરના વેપાર કારોબારને ગુજરાતમાં નવું બળ મળશે એ માટે પણ શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રધાનમંત્રીશ્રીનો આભાર પ્રગટ કર્યો છે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે, દેશની ઐતિહાસિક વિરાસતોને આઈકોનિક રી-ડેવલપ કરવા માટેની જાહેરાતમાં કચ્છના ધોળાવીરાનો સમાવેશ કરીને કચ્છ અને આ પુરાતત્વીય સાઈટને વર્લ્ડ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બનાવવાની તક મળશે.

આ ઉપરાંત લોથલમાં મેરિટાઈમ મ્યુઝિયમની જાહેરાત કરીને જે નાણાં ફાળવ્યા છે, તેનો ઉલ્લેખ કરતાં શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, લોથલના પૌરાણિક બંદરને અને સદીઓ પહેલાંના સામુદ્રિક વેપારને આ મ્યુઝિયમમાં ઉજાગર કરાશે.

તેમણે નેશનલ ગ્રિડનો ૨૭ હજાર કિલોમીટરનો વ્યાપ વધારવાની બજેટમાં થયેલી જાહેરાત સંદર્ભમાં કહ્યું કે, ગુજરાતને આનો મોટો લાભ થશે. અત્યારે ગુજરાત દેશમાં આવી ગ્રિડના વ્યાપમાં લીડ લઈ રહ્યું છે હવે, ગુજરાતની ગેસ કંપનીઓને નેશનલ ગ્રિડનો લાભ મળશે.

મુખ્યમંત્રીશ્રીએ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને ગતિથી આગળ વધારવા માટે બજેટમાં અપાયેલા વિશેષ ઝોક માટે પ્રધાનમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરતાં એમ પણ કહ્યું છે કે, આ બજેટમાં નાના અને મધ્યમ વર્ગના નાગરિકોને પાંચથી પંદર લાખ સુધીની આવક પરના કરમાં જે છૂટછાટ આપવામાં આવી છે તેનાથી લોકોના પૈસાનું સેવિંગ થશે અને પરચેઝ પાવર વધારવામાં તે ઉપયોગી બનશે.

તેમણે એમ પણ ઉમેર્યું કે, અગાઉ કોર્પોરેટ ટેક્સમાં સરકારે ઘટાડો કર્યો છે અને હવે વ્યક્તિગત કરદાતાને પણ રાહત આપીને કોર્પોરેટ સેક્ટર અને વ્યક્તિગત કરદાતા બંને માટે પૈસાનું સેવિંગ થઈ શકે અને ઈકોનોમી બૂમ થઈ શકે તેવી વ્યવસ્થા વિકસાવવામાં આવી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, ખેડૂતોને પણ આ બજેટમાં વિશેષ ફોક્સ કરવામાં આવ્યા છે. ખેડૂતો ઈન્ટરનેશનલ કક્ષાએ પોતાના માલની ખપત કરાવી શકેપ્ ઉપરાંત વેરહાઉસ અને સોલારપંપથી માંડીને ખેડૂતલક્ષી સુવિધાઓ દ્વારા પોતાની આવક બમણી કરી શકે તેવો લક્ષ્યાંક પણ આ બજેટમાં છે.

મગફળી કાંડ : ગેરરીતિમાં સામેલ કોઈને છોડાશે નહી

જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં મગફળીની ખરીદીમાં સ્થાનિક તંત્ર દ્વારા પોલીસ ફરિયાદ દાખલ કરવાની તજવીજ કરાઈ

ગાંધીનગર, તા.૧

જૂનાગઢના માર્કેટીંગ યાર્ડમાં તપાસ દરમ્યાન નબળી ગુણવત્તાની મગફળી મળી આવતાં અને મગફળી ખરીદીમાં ગંભીર ગેરરીતિનું કૌભાંડ સામે આવ્યા બાદ સરકાર અને તંત્ર દોડતા થઈ ગયા છે. તંત્રના અધિકારીઓ દ્વારા આ સમગ્ર મામલે હવે પોલીસ ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરાઈ છે, તો બીજીબાજુ, રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ આ પ્રકરણમાં સંડોવાયેલા તમામ જવાબદારોને બક્ષાશે નહી તેવી હૈયાધારણ આપી હતી. ઉલ્લેખનીય છે કે, માર્કેટીંગ યાર્ડના અધિકારીઓએ પણ સમગ્ર મામલામાં તપાસ બાદ સ્વીકાર કર્યો હતો કે, મગફળી ખરીદીમાં ગેરરીતિ સામે આવી છે. જૂનાગઢના માર્કેટીંગ યાર્ડમાં મગફળી ભેળસેળનું કૌભાંડ સામે આવતાં ખેડૂતઆલમમાં ફરી એકવાર ઉગ્ર રોષની લાગણી ફેલાઈ ગઇ છે. બીજીબાજુ યાર્ડના સીસીટીવી ફુટેજ ચેક કર્યા બાદ તેના આધારે આરોપીઓ સામે પોલીસ ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરાઈ છે. તંત્ર દ્વારા સમગ્ર મામલે તપાસ માટે ચાર અધિકારીની સમિતીની રચના કરવામાં આવી છે. આજે અધિકારીઓ દ્વારા સીઝ કરવામાં આવેલી ૧૫૬ બોરીઓ સીલ કરાઈ હતી અને તેમાંથી પાંચ બોરીઓની તપાસ કરવામાં આવી હતી. જે દરમ્યાન બોરીઓમાંથી નાની-બીબડીવાળી મગફળી મળી આવી હતી. મગફળીમાંથી ૬૫ના બદલે ૬૧.૮ ગ્રામ દાણા નીકળ્યા હતા. ૧૦૦ ગ્રામ મગફળીમાંથી ૬૫ ગ્રામનો ઉતારો હોવો જોઈએ. ત્યારે હવે ૬૧.૮ ગ્રામ દાણા નીકળતા તપાસ બાદ કાર્યવાહી કરાશે. બીજીબાજુ, જૂનાગઢમાં મગફળી કૌભાંડનો વિવાદ વકરતાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, મગફળી ખરીદીમાં ગેરરીતિ થઈ હોવાનું સામે આવ્યું છે, સરકાર દ્વારા જવાબદારો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. ગેરરીતિ કરનાર સામે કડકમાં કડક કાર્યવાહી કરાશે. ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ પણ હૈયાધારણ આપી હતી કે, મગફળી કૌભાંડ અંગે તપાસનો આદેશ આપી દેવામાં આવ્યો છે. તપાસ દરમ્યાન જે પણ જવાબદાર હશે તેને પકડી જેલ ભેગા કરી દઈ સખત કાર્યવાહી કરાશે.

સામાન્ય બજેટ અર્થતંત્રની માળખાગત સુધારણા આગળ ધપાવનારૂ રહેશે : મનસુખ માંડવિયા

ગાંધીનગર, તા. ૧

સામાન્ય બજેટ ૨૦૨૦-૨૧ દ્વારા સરકારે ફરી પોતાની પ્રતિબધ્ધતાના દર્શન કરાવતા સમાજના તમામ વર્ગક્ષેત્રને આવરી લીધા છે. આ માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને નાણાંમંત્રી નિર્મલાજીનો આભાર માનું છું તથા દેશના નાગરીકોને અભિનંદન પાઠવું છું તેમ કેન્દ્રીય શીપીંગ (સ્વતંત્ર પ્રભાર), કેમિકલ્સ અને ફર્ટીલાઈઝર્સ મંત્રી મનસુખભાઈ માંડવિયાએ એક અખબારી નિવેદનમાં જણાવેલ છે.

ભારત દેશ પહેલેથી જ ટ્રેડ ડેફિસિટને સમસ્યાનો સામનો કરતુ રહ્યું છે. નીચું ઘરેલું ઉત્પાદન અને વધું આયાતથી હંમેશા ટ્રેડ ડેફિસિટ રહી છે. મોદી સરકારે કરેલ આયોજનપૂર્વકના પ્રયત્નોથી એફડીઆઈ વધી રહી છે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં રેન્ક સુધારી રહ્યો છે, મેઈક ઈન ઈન્ડિયા હેઠળ ઘરેલું ઉત્પાદન વધી રહ્યું છે, ત્યારે આ બજેટમાં કરેલી વિવિધ જોગવાઈઓથી ઘરેલું ઉત્પાદન અને નિકાસ વધશે અને થોડા વર્ષોમાં ભારતની ટ્રેડ ડેફિસિટનો અંત આવશે.

માંડવિયાએ આગળ જણાવેલ છે કે મોદી સરકારે વર્ષ ૨૦૧૪થી જ 'કલીન ઈકોનોમી'નાં મંત્ર સાથે અર્થતંત્રનો મજબૂત પાયો નાંખવા પગલાં લીધેલ છે. જેનાં પરિણામે આજે એનપીએ ઘટી છે, લોન રીકવરી વધી છે, આર્થિક અપરાધીઓ સામે કડક પગલાં લેવાયા છે તથા લોનની પ્રક્રિયા સરળ અને પારદર્શક બની છે. આર્થિક મોરચે સુધારાઓ આગળ ધપાવતા વ્યક્તિગત આવકવેરા દરમાં મહત્વનો ઘટાડો કર્યો છે તથા કોર્પોરેટ ટેક્ષ ૧૫ ટકા કરેલ છે જેથી લોકો પાસે વધુ નાણાં રહેશે અને ખર્ચશક્તિ વધશે જે માઈક્રો ઈકોનોમીને સુધારશે.

શેરબજાર... ● ત્રીજા પાનાનું ચાલુ

કારોબારીઓ હચમચી ઉઠ્યા હતા.

મધ્યપૂર્વમાં તંગદિલીને લઈને ભારતીય કારોબારીઓ આજે હચમચી ઉઠ્યા હતા. બેંચમાર્ક એસએન્ડપી બીએસઈ સેંસેક્સ આજે ૪૧૦૦૦ની સપાટીથી નીચે પહોંચી ગયો હતો. શેરબજારમાં છઠ્ઠી જાન્યુઆરીના દિવસે જોરદાર કડાકો બોલી ગયો હતો. કારોબારીઓએ કલાકોના ગાળામાં જ ત્રણ લાખ કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા. બીએસઈ લિસ્ટેડ શેરની માર્કેટ મૂડી ૨.૩૦ વાગ્યાની આસપાસ ૧૫૪ લાખ કરોડ નોંધાઈ હતી. છઠ્ઠીએ બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મૂડી ૧૫૭ લાખ કરોડ હતી. દરેક પાંચ શેર પૈકીના ચાર શેરમાં મંદી રહી હતી. ૨૨૯ શેરમાં મોટાભાગના શેર સ્મોલકેપમાં હતા જેમાં નિચલી સર્કિટ લિમિટ જોવા મળી હતી. પશ્ચિમ એશિયાના એકાઉન્ટમાં પણ અફડાતફડી રહી હતી. આજે પહેલી ફેબ્રુઆરીના દિવસે પણ કારોબારીઓએ લાખો કરોડ રૂપિયા કડાકાના કારણે ગુમાવી દીધા હતા. આગામી દિવસોમાં પણ શેરબજારમાં મંદી રહી શકે છે. કારણ કે, તેની અસર બજારમાં કેટલાક દિવસ સુધી જોવા મળશે. શેરબજારમાં બજેટની અસરના સંદર્ભમાં નિષ્ણાતોનું કહેવું છે કે, આર્થિક મંદીથી બહાર નિકળવા પગલા ન લેવાતા નિરાશા રહી છે.

મધ્યમવર્ગીઓનું બજેટ... ● ત્રીજા પાનાનું ચાલુ

ઈન્દ્રધનુષની હદને વધારીને ૧૨ બિમારી સુધી કરવામાં આવી છે. આમા પાંચ નવી રસી અથવા તો વેક્સિનને જોડી દેવામાં આવી છે. પીએમ જનઆરોગ્ય યોજનાથી ૨૦૦૦૦થી પણ વધુ હોસ્પિટલો જોડાઈ ચુકી છે. વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના તરીકે આ રહેલી છે. આ હોસ્પિટલોમાં આયુષ્યમાન ભારતના લાભાર્થી લોકોને સારવાર આપવામાં આવી રહી છે. હવે અમે ટીયર-૨ અને ટીયર-૩ શહેરોમાં પણ પીપીપી મોડથી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારામને બજેટ રજૂ કરતી વેળા આરોગ્ય, પગારદાર વર્ગ, ખેડૂત સહિતના વર્ગો માટે જાહેરાત કરી હતી. સાથે સાથે શિક્ષણના ક્ષેત્ર માટે પણ કેટલીક મોટી જાહેરાતો કરવામાં આવી હતી. શિક્ષણને લઈને નાણામંત્રીએ આ બજેટમાં પહેલાથી જ અપેક્ષા રાખી રહેલા લોકોની ઈચ્છાઓ પૂર્ણ કરી છે. નાણામંત્રીએ કહ્યું હતું કે, કામકાજની વયની દ્રષ્ટિએ ભલે ભારત આવનાર સમયમાં સૌથી મોટા દેશ તરીકે રહેશે. ટૂંક સમયમાં જ નવી શિક્ષણનીતિની જાહેરાત કરવામાં આવશે. માર્ચ ૨૦૨૧ સુધી ૧૫૦ ઉચ્ચ શિક્ષણ સંસ્થા શરૂ કરવામાં આવશે. આ સંસ્થાઓમાં સ્કીલ ટ્રેનિંગ આપવામાં આવશે. પોતાના બજેટ ભાષણમાં નાણામંત્રીએ કહ્યાં હતું કે, ક્વોલિટી એજ્યુકેશન માટે ડિગ્રી લેવલ ઓનલાઈન સ્કીમ શરૂ કરવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારામને બજેટ રજૂ કરતી વેળા આ વખતના બજેટમાં ડિજિટલ ઈન્ડિયાને લઈને પણ અનેક મોટી જાહેરાતો કરવામાં આવી છે. તેમણે કહ્યું છે કે, ન્યુ ઈકોનોમિ ઈનોવેશન અને ટેકનોલોજી પર આધારિત છે. આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ, ક્વાન્ટમ કોમ્પ્યુટીંગ જેવી ટેકનોલોજીના કારણે દુનિયા બદલાઈ રહી છે. થ્રીડી પ્રિન્ટિંગ પણ ફેરફારના એક મોટા હિસ્સા તરીકે છે. ભારત નેટ ઉપર ૬૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. નાણામંત્રીએ કહ્યું હતું કે, અમને આના પર પણ ધ્યાન આપવાની જરૂર છે. નાણામંત્રી નિર્મલા સીતારામને આજે બજેટ રજૂ કર્યા બાદ કઈ ચીજો સસ્તી થઇ અને કઈ ચીજો મોંઘી થઈ તેને લઈને લોકોમાં ચર્ચા છેડાઈ ગઈ હતી. ગણતરીનો દોર બજેટ બાદ શરૂ થયો હતો. ત્યારબાદ મોડી સાંજે આંકડાકીય મુલ્યાંકન બાદ ચિત્ર સ્પષ્ટ થયું હતું.